CMનો સુરતમાં રાતવાસો, કોર્પોરેટરો સાથે ડીનર કર્યું

ઉમરગામ કાર્યક્રમમાં જવાનું હોવાથી સુરતમાં રોકાયા : સર્કિટ હાઉસ ખાતે કોર્પોરેટરો અને શહેર પ્રમુખ સાથે ગુફ્તગુથી રાજકીય ચર્ચાનો માહોલ

સુરત : ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સુરત મુલાકાતે પહોંચતા શહેર ભાજપ સંગઠનમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. મુખ્યમંત્રીએ સર્કિટ હાઉસ ખાતે શહેરના નગરસેવકો, શહેર પ્રમુખ તથા મહામંત્રીઓ સાથે મુલાકાત કરી રાત્રિ ભોજન લીધું હતું, જેમાં મહત્વપૂર્ણ રાજકીય ચર્ચાઓ પણ યોજાઈ હતી. સુરત મનપાની ચૂંટણીના પડઘમ વચ્ચે મુખ્યમંત્રીની આ ડીનર ડિપ્લોમસીએ રાજકીય ચર્ચાઓને વેગવ આપ્યો હતો.

માહિતી મુજબ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કેરળના કોચી ખાતે ભાજપના ઉમેદવારના ફોર્મ ભરવાના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ સીધા સુરત પહોંચ્યા હતા. સુરતમાં તેમણે સર્કિટ હાઉસ ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું. આ દરમિયાન શહેર ભાજપ સંગઠનના પ્રમુખ, મહામંત્રીઓ તથા તમામ કોર્પોરેટરો સાથે સંવાદ યોજાયો હતો. સૂત્રો મુજબ, આ મુલાકાત દરમિયાન આવનારા રાજકીય કાર્યક્રમો, સંગઠન મજબૂત બનાવવાના મુદ્દા તેમજ સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને, શહેર સ્તરે પાર્ટીની કામગીરી, ચૂંટણીલક્ષી તૈયારીઓ અને સંગઠનના સંકલન મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. ભોજન સાથે અનૌપચારિક માહોલમાં યોજાયેલી આ બેઠક રાજકીય દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સુરતમાં રાત્રિ રોકાણ બાદ આજે સવારે ઉમરગામ ખાતે યોજાનારા કાર્યક્રમમાં હાજરી આપવા માટે રવાના થશે. સુરતની આ મુલાકાતને ભાજપ સંગઠન માટે સંકલન અને રણનીતિ ગોઠવવાની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ડિનરમાં આપમાંથી આવેલા નગરસેવકોની સૂચક હાજરી

સુરત સરકીટ હાઉસ ખાતે શનિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં યોજાયેલી ડિનર ડિપ્લોમસી રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ બની રહી હતી. ખાસ વાત એ રહી કે આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં આવેલા નગરસેવકોની સૂચક હાજરીએ અનેક રાજકીય સંકેતો આપ્યા છે.

આ કાર્યક્રમ માત્ર ઔપચારિક ભોજન સમારોહ ન રહી, પરંતુ સંગઠન મજબૂત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ કડી બની રહ્યો હોવાનું માનવામાં આવે છે. સૂત્રો મુજબ શહેરના રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ભાજપ દ્વારા સંગઠનને વધુ સક્રિય બનાવવાની કવાયત ચાલી રહી છે. તાજેતરમાં પક્ષપલટો કરનાર નગરસેવકોને મુખ્ય પ્રવાહમાં લાવવા અને તેમની ભૂમિકા મજબૂત કરવા માટે આવા અનૌપચારિક મંચો ઉપયોગી બની રહ્યા છે. આવનારા સમયમાં શહેરની રાજનીતિમાં વધુ ફેરફારો જોવા મળે તેવી પણ શક્યતા રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

આજે સચિનમાં 125 કરોડનાં કાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત

૩૫.૩૯ કરોડના ખર્ચે સુરત-સચિન-નવસારી માર્ગ પર રેલવે ઓવરબ્રિજનું વાઈડનિંગ સહિતનાં કામો કરાશે

સુરતઃ મહાનગર પાલિકાની ચૂંટણીના પડઘમ વચ્ચે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ માટે હાથ ધરાયેલા પ્રોજેક્ટ્સને વધુ ગતિ આપવા સચિન વિસ્તારમાં રવિવારે વિશાળ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

માહિતી મુજબ સુરતથી સચિન થઈ નવસારીને જોડતા સ્ટેટ હાઈવે પર આવેલા રેલવે ઓવરબ્રિજનું ૩૫.૩૯ કરોડના ખર્ચે વાઈડનિંગ કરવામાં આવશે, જેનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સચિન-સતવલ્લા સર્કલ ખાતે સાંજે ૪:૩૦ વાગ્યે યોજાનારા કાર્યક્રમ દરમિયાન કુલ ૯૯.૧૨ કરોડનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ૮૦.૧૭ કરોડના ખર્ચે થનારાં વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. લોકાર્પણ થનારાં કાર્યોમાં પાલી વિસ્તારમાં તળાવ ડેવલપમેન્ટ, કનકપુર હાઉસિંગ બોર્ડ સીઓપી નં.૪, ડ્રાફ્ટ ટીપી સ્કીમ ૩૪ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા ડ્રાફ્ટ ટીપી નં.૫૯માં ફાઈનલ પ્લોટ નં.૨૧૪માં શાંતિકુંજનો સમાવેશ થાય છે. ઉપરાંત ખાતમુહૂર્ત થનારા પ્રોજેક્ટ્સમાં સચિન ઝોનમાં કનસાડ વોર્ડ ઓફિસ, શાળા નં.૨૯૪ અને ૩૭૨ માટે નવા શાળાભવન, સતવલ્લા બ્રિજથી રામજી મંદિર સુધીના માર્ગ પર સ્ટ્રીટ લાઈટની સુવિધા તથા ઉધના ત્રણ રસ્તા જંક્શન અને સર્વોત્તમ હોટલ જંક્શન પર ફ્લાયઓવર બનાવવાનાં કાર્યોનો સમાવેશ થાય છે.

મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલાં આ વિકાસકાર્યો સચિન અને આસપાસના વિસ્તારોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાફિક અને જાહેર સુવિધાઓમાં મહત્ત્વપૂર્ણ સુધારો લાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઓરિસ્સાથી ગાંજો વેચવા આવેલા પૂજારી સહિત બે પકડાયા

પોલીસે ૪.૯૭ લાખનો ૯.૯૪૦ કિલોગ્રામ ગાંજા સહિત ૫.૩૦ લાખની મત્તા કબજે લીધી

સુરત : આર્થિક તંગીના કારણે ઓરિસ્સાથી ગાંજો વેચવા આવેલા શિવ મંદિરના પૂજારી સહિત બે ઈસમો મનીષા ગરનાળા પાસેથી ઝડપાયા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમરોલી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ઓરિસ્સાના બે શખ્સો પ્રતિબંધિત માદક પદાર્થ ગાંજો વેચવા માટે મોડીરાત્રે મનીષા ગરનાળા પાસે આવનાર છે. આ બાતમીના આધારે ઉચ્ચ અધિકારીઓને જાણ કરી પંચોની હાજરીમાં પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન રાત્રિના સુમારે સાંઈપૂજન સોસાયટીના ગેટ પાસે શંકાસ્પદ હાલતમાં ઉભેલા બે યુવકોને પોલીસે કોર્ડન કરી લીધા હતા.

પોલીસે ઝડપેલા આરોપીઓની તલાશી લેતા તેમની પાસે રહેલી બે બેગમાંથી નશીલો પદાર્થ મળી આવ્યો હતો. એફ.એસ.એલ. (FSL) ની તપાસમાં આ પદાર્થ ગાંજો હોવાનું ફલિત થયું હતું. પકડાયેલા

કાન્હુચરન સુધીર મહાપાત્રા (ઉ.વ. ૨૭, રહે. અડાપાડા, જિ. ગંજામ, ઓરિસ્સા) પાસેથી ૪.૯૭૧ કિલો ગાંજો મળ્યો હતો. જ્યારે અન્ય કૃષ્ણાચંદ્ર ઉર્ફે આલોક સંતોષકુમાર જેના (ઉ.વ. ૨૫, રહે. બેરુહાવાવાડી, જિ. ગંજામ, ઓરિસ્સા) પાસેથી ૪.૯૬૯ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે બંને આરોપીઓ પાસેથી કુલ ૯.૯૪૦ કિલોગ્રામ ગાંજો (કિંમત રૂપિયા ૪,૯૭,૦૦૦), બે મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ મળી કુલ રૂપિયા ૫,૦૭,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછમાં બહાર આવ્યું છે કે તેઓ આ જથ્થો ઓરિસ્સાના જંગલોમાંથી અજાણ્યા ઈસમ પાસેથી લાવી કતારગામ પટરી વિસ્તારમાં છૂટકમાં વેચવાના હતા.

શહેરમાં ભક્તિભાવ સાથે રાજસ્થાની સમાજ દ્વારા ગણગૌરનું વિસર્જન: પહેલી વખત ડ્રેસ કોડ

સુરતઃ સુરત શહેરમાં વસતા રાજસ્થાન સમાજ દ્વારા પરંપરાગત ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ગણગૌર ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શોભાયાત્રા દરમિયાન ગણગૌરની સુંદર મૂર્તિઓને આકર્ષક રીતે સજાવી પરિભ્રમણ કરાવવામાં આવ્યું હતુ. મોટી સંખ્યામાં સમાજના લોકો તેમજ શહેરવાસીઓએ આ યાત્રામાં ભાગ લઈ ભક્તિભાવથી દર્શન કર્યાં હતાં. વીઆઈપી રોડ સ્થિત શ્રી શ્યામ મંદિર, પરવટ પાટિયા સહિતના વિસ્તારોમાં ધામધૂમથી શોભાયાત્રા સાથે ગણગૌરનું વિસર્જન કરવામાં આવ્યું હતું. પરવટ પાટિયા વિસ્તારમાં તો ખૂબ જ મોટી સંખ્યામાં રાજસ્થાન સમાજની મહિલાઓ સહિત લોકો ઊમટી પડ્યા હતા. ઠેર ઠેર શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્યામ મંદિર પર અનેક મહિલાઓ અને યુવતીઓ દ્વારા પોતપોતાની ગણગૌરનું વિસર્જન પણ કરવામાં આવ્યું હતું. પહેલી વખત આ ઉત્સવમાં ડ્રેસ કોડ સાથે ગ્રુપમાં યુવતીઓ જોવા મળી હતી.

(તસવીરઃ હેમંત ડેરે)

9 બદમાશ ઘાતક હથિયાર સાથે ઝડપાયા

બાઈક હવામાં ફંગોળાયું ને પોલીસ જવાન આરોપી પર બેસી ગયો

સુરતઃગોડાદરા વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે કોઈ હાઈ-વોલ્ટેજ એક્શન ફિલ્મના શૂટિંગ જેવો માહોલ સર્જાયો હતો, જ્યાં ખાખી વર્દીધારીઓએ અસલી 'હીરો' બનીને ગણતરીની મિનિટોમાં જ ખૂની ખેલ ખેલવા નીકળેલા બદમાશોને રસ્તા પર જમીનદોસ્ત કરી દીધા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે જે કોઈપણ નાગરિકને હચમચાવી દે તેવા ભયાનક છે. રાત્રિના સમયે ત્રણ બાઈક પર એટલે કે કુલ 9 જેટલા અસામાજિક તત્વો સવાર હતા, જેમના હાથમાં 'રેનબો' કલરના અત્યંત ધારદાર 6 જેટલા મસમોટા ચપ્પુ હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ આખો લોહિયાળ ખેલ ખેલવા પાછળ માત્ર 1,000 રૂપિયાનો નજીવો વિવાદ જવાબદાર હતો. ફરિયાદી સચિન ચૌધરી પાસે આરોપીઓએ અગાઉ ઉછીના આપેલા 1,000 રૂપિયાની કડક માંગણી કરી હતી અને સચિને રકમ આપવાની અસમર્થતા દર્શાવતા આરોપી કનૈયા, દીપક અને તેના અન્ય મિત્રોએ સચિનને ફોન પર બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સચિનને હુમલાનો અહેસાસ થઈ જતાં તેણે તુરંત પોલીસને ફોન કર્યો હતો અને ગોડાદરા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના હરવિજયસિંહ, સંદીપભાઈ અને વિશાલભાઈ તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા. હુમલાખોરો સચિનને નિશાન બનાવે તે પહેલા જ પોલીસ કાફલો ત્યાં સજ્જ થઈને પહોંચી ગયો હતો, જેને જોઈને હુમલાખોરોમાં નાસભાગ મચી ગઈ હતી.

સીસીટીવીમાં સ્પષ્ટ દેખાય છે કે એક બાઈક પર સવાર હુમલાખોરો ભાગવા માટે જોરદાર એક્સિલરેટર આપે છે ત્યારે પોલીસકર્મી પાછળથી એક આરોપીને પકડીને ખેંચી રસ્તા પર પટકે છે, જેના કારણે ચાલુ બાઈક હવામાં એક ટાયર પર ઊછળે છે અને સંતુલન ગુમાવતા બંને રસ્તા પર પટકાય છે. બીજી તરફ, પોલીસ જવાનો હાથમાં દંડા લઈને તેમની પાછળ જીવના જોખમે દોડે છે અને એક હુમલાખોર ગલીમાં સંતાઈને ભાગવાની કોશિશ કરે છે ત્યારે બાહોશ પોલીસ જવાન તેને પકડીને રસ્તા પર પાડી દે છે. આ ઓપરેશનનું સૌથી રોમાંચક દ્રશ્ય ત્યારે સર્જાયું જ્યારે એક આરોપીએ પોલીસની પકડમાંથી છૂટવા ઝપાઝપી કરી, પણ નીડર પોલીસે તેને જમીન પર પછાડ્યો અને તે ફરીથી ભાગી ન જાય તે માટે એક જવાન તેના ખભા પર બેસી ગયો હતો. પોલીસે તમામ આરોપીઓને રસ્તા પર લાઈનમાં બેસાડી તેમની કડક પૂછપરછ કરી અને તલાશી લેતા ઘાતક હથિયારો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સચિન જીઆઇડીસીમાં બે બાઈક અથડાતાં આધેડનું મોત

સુરત : સચિન જીઆઈડીસીમાં બે બાઈક અથડાતાં આધેડને ગંભીર ઈજા પહોંચી હતી. આથી તેને સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ જીવ બચી શક્યો ન હતો. મૃતક કૈલાસ સંચાખાતામાં કામ કરતો હતો.

મૂળ ઓરિસ્સાના વતની અને હાલ સચિન જીઆઈડીસી બરફ ફેક્ટરી પાસે 54 વર્ષીય કૈલાશ લક્ષ્મણ નાહક, 3 સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. કૈલાસ સંચાખાતામાં માસ્ટર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. આજે સવારે 11 વાગ્યાના અરસામાં કૈલાસ બાઈક પર કામ માટે જઈ રહ્યો હતો. દરમિયાન સચિન જીઆઈડીસી રોડ નંબર-7 પર બે બાઈક અથડાઈ હતી. જેમાં કૈલાસને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ કૈલાસનું મોત નીપજ્યું હતું.

5 એપ્રિલે 65,000 સભાસદો મતદાન કરશે

વરાછા બેંકની ચૂંટણી: 15 બેઠકો માટે 51ની ઉમેદવારી

સી.પી.વાનાણી, મનહર સાસપરા, દિનેશ નાવડિયા, હરિભાઈ કથીરિયા અને પ્રતાપ જીરાવાળા જાણીતા ચહેરા

સુરતઃ સુરત શહેરની ટોપ ફાઈવ સહકારી બેંક પૈકીની એક ધ વરાછા કો-ઓપ બેંક લિ.ની સંચાલક મંડળની ચૂંટણીને લઈ સૌરાષ્ટ્રવાસી સમાજમાં રાજકીય ગરમાટો આવ્યો છે.બેંકની સમૃદ્ધિ,કદ અને વેપાર વધ્યા પછી બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં પ્રવેશવા માટે બેંકિંગ સેક્ટર સાથે સીધી રીતે ન જોડાયેલા સભાસાદોએ પણ ઉમેદવારી કરી છે. બેંકની ચૂંટણીમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે,કુલ 15 બેઠકો માટે 51 ઉમેદવારો એ ઉમેદવારી નોંધાવી છે.એ જોતાં ત્રણ પેનલો બને એટલા દાવેદારોએ ફોર્મ ભરીને જમા કર્યા છે.ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસ પૂર્વે જાણીતા ચેહરાઓમા સી.પી.વાનાણી,મનહર સાસપરા,દિનેશ નાવડીયા,હરિભાઈ કથીરીયા,પ્રતાપ જીરાવાળા એ ઉમેદવારી નોંધાવી છે.23 મી એ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. અને 24 મીએ ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ છે.ત્યારે પેનલોને લઈ ચિત્ર સ્પષ્ટ થશે.મત વિભાજન ન થાય એ માટે મતદારોમાં ઓછો વત્તો પ્રભાવ ધરાવનાર ઉમેદવારોને પોતાની તરફેણમાં દાવેદારી પરત ખેંચાવવા સંભવિત બંને પેનલો લાગી છે.ઉમેદવારોની સંખ્યા જોતા ચૂંટણી ટળે એવી શક્યતા જણાતી નથી.e સ્થિતિમાં 5 એપ્રિલે 65,000 સભાસદો મતદાન કરશે,

ચૂંટણી અધિકારી એવા જિલ્લા કલેકટર સૌરભ પારધી દ્વારા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો એ પછી પ્રથમ દિવસે જ 15 બેઠકો સામે 37 ઉમેદવારો પત્રો દાવેદારો લઈ ગયા હતા. બીજા દિવસે 14 ઉમેદવારો ઉમેદવારી નોંધાવી હતી.વરાછા બેન્કની 15 પૈકી 12 સામાન્ય બેઠક,2 મહિલા અનામત બેઠક અને એક એસ.સી/એસટી માટેની અનામત બેઠકની ચૂંટણી માટે 65,000 સભાસદો 5 મી એપ્રિલે મતદાન કરશે. અને 7મી એપ્રિલે મતગણતરી સાથે પરિણામ જાહેર કરાશે. વરાછા કો-ઓપ બેંકની ચૂંટણીમાં વર્ષો પછી સત્તાધારી પેનલ સામે હરીફ પેનલ મેદાને ઉતરે એવી શક્યતા જોવાઈ રહી છે. 24 માર્ચે ઉમેદવાર ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ છે.એ દિવસે સાંજે ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

ઉત્રાણ પોલીસે યુવાનને ઢોર માર મારતા હાલત ગંભીર

૨૩ વર્ષીય કુલી બેભાન થતા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો

પોલીસ સ્થળ પર ગઈ છે પણ આવી કોઈ ઘટના બની : ઉત્રાણ પીઆઇ

સુરતઃ ઉત્રાણ પોલીસ સ્ટેશનની હદમાં આવતા કોસાડ આવાસમાં પોલીસે કાયદો હાથમાં લીધો હોય તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. પતિ-પત્ની વચ્ચેના સામાન્ય ઝઘડામાં સમાધાન કરાવવાને બદલે ઘટના સ્થળે પહોંચેલી પોલીસે ૨૩ વર્ષીય યુવાન પર તૂટી પડી તેને બેરહેમીપૂર્વક માર માર્યો હતો. પોલીસના અમાનુષી મારને કારણે યુવાન સ્થળ પર જ બેભાન થઈ જતાં તેને તાત્કાલિક સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કોસાડ આવાસના લાલતંબુ વિસ્તારમાં રહેતો ૨૩ વર્ષીય જીતુ, જે સુરત રેલવે સ્ટેશન પર કુલી તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

ગત ૨૧મીની રાત્રે ૯ વાગ્યાના સુમારે જીતુનો તેની પત્ની સાથે કોઈ અગમ્ય કારણોસર ઝઘડો થયો હતો. આ દરમિયાન ગભરાઈ ગયેલી પત્નીએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી મદદ માંગી હતી. જોકે, મદદ કરવા પહોંચેલી ઉત્રાણ પોલીસે જીતુને પોલીસ સ્ટેશન લઈ જઈ કાયદેસરની કાર્યવાહી કરવાને બદલે ત્યાં જ તેની ઉપર લાઠીઓ અને લાતોનો વરસાદ વરસાવ્યો હતો.

પરિવારના આક્ષેપ મુજબ, પોલીસે જીતુને એટલી હદે માર્યો હતો કે તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે ત્યાં જ લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગયો હતો. હાલ જીતુ સ્મીમેર હોસ્પિટલના બિછાને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

જીતુના ભાઈએ જણાવ્યું હતું કે, ઝઘડાના અડધા કલાક પહેલા જ હું જીતુના ઘરે હતો, મારા ગયા બાદ નાની વાતમાં વિવાદ થયો હતો. પોલીસે જે રીતે તેને માર્યો છે તે જોઈને આખું પરિવાર સ્તબ્ધ છે. હાલ આ મામલે સ્થાનિકોમાં પોલીસની દાદાગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે અને ઉચ્ચ કક્ષાએ તપાસની માંગ ઉઠી છે.આ મામલે ઉત્રાણ પીઆઈ પતિ પત્ની ઝઘડાનો કોલ મળ્યો હોવાથી પોલીસ સ્થળ પર ગઈ છે પણ આવી કોઈ ઘટના બની નહીં હોવાનું જણાવ્યું હતું.

ભેસ્તાનમાં બે વર્ષનું બાળક બાથરૂમમાં લોક થઈ ગયું

સુરત : પ્રિયંકા ચાર સસ્તા સ્થિત શોર્ટ પેલેસ રેસિડેન્સિ નામની બિલ્ડિંગ આવી છે. જેના ત્રીજા માળે રહેતા કાર્તિકભાઈ શુકલાની પત્ની તેના બે વર્ષિય બાળક વેદાંશને ન્હાવા માટે બાથરૂમમાં મુકી સહેજ આઘાપાછા થયા હતાં તે દરમિયાન વેદાંતે બાથરૂમની કળી અંદરથી બંધ કરી દીધી હતી તેથી તે લોક થઈ ગયો હતો. બાળકનો રડવાનો અવાજ સાંભળીને માતા બાથરૂમ પાસે ગઈ હતી ત્યારે દરવાજો લોક હતો. બાદમાં ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવતા ભેસ્તાન ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો ફાયર બ્રિગેડની ટીમે કોમ્બિંગ ટુલ્સની મદદથી દરવાજો પહોળો કરી આકડા ઉપર ઘીસી પાડીને ખોલી નાખ્યો હતો અને બાળકને બચાવી લીધું હતું.

કાપડ વેપારીનો કર્મચારી રોકડા 40 લાખ લઈને છૂ

સુરતઃ સુરત-કડોદરા રોડ પર આવેલી શિવ શક્તિ ટેક્સટાઈલના માલિક સાથે તેમના જ કલેક્શન એજન્ટે ચાલીસ લાખની ઉચાપત કરી હોવાની ઘટનાથી વેપારીઓમાં ચકચાર જાગી છે. મૂળ રાજસ્થાનના ફલોદી જિલ્લાના ચાંડકગલીના વતની અને હાલ પરવટગામ, માધવબાગ સામે વ્રજભૂમિમાં રહેતા રાકેશભાઈ કનૈયાલાલ રાઠી (ઉ.વ. ૩૬) કાપડના વેપારી છે. સુરત-કડોદરા રોડ પર ભક્તિધામ મંદિરની સામે આવેલા રાજ ટેક્ષટાઈલ ટાવરમાં તેઓ શિવ શક્તિ ટેક્સટાઈલનામે પેઢી ચલાવે છે. તેમની પેઢીમાં પેમેન્ટ કલેક્શન અને આંગડિયામાંથી નાણાં લાવવાનું કામ મહેન્દ્રસિંગ સ્વરૂપસિંગ (રહે. હિંગળાજ સોસાયટી, ખટોદરા, મૂળ જોધપુર, રાજસ્થાન) નામનો શખ્સ કરતો હતો.ગઈ તા. ૧૯/૦૩/૨૦૨૬ના રોજ રાકેશભાઈના ગ્રાહકો પાસેથી ઉઘરાણી પેટે મોટું પેમેન્ટ આંગડિયા મારફતે આવ્યું હતું. રાકેશભાઈએ તેમના વિશ્વાસુ કર્મચારી મહેન્દ્રસિંગને તેની પહોંચ આપીને રોકડા રૂ. ૪૦ લાખ લાવવા મોકલ્યો હતો. તેણે આંગડિયા પેઢીમાંથી ૪૦ લાખ મેળવી લીધા હતા અને નાસી છૂટ્યો હતો. જ્યારે મોડે સુધી મહેન્દ્રસિંગ પરત ન ફર્યો અને તેનો મોબાઈલ ફોન પણ બંધ આવવા લાગતા વેપારીએ પુણા પોલીસ મથકમાં મહેન્દ્રસિંગ વિરુદ્ધ ઉચાપત અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.પુણા પોલીસે તાત્કાલિક અસરથી ગુનો દાખલ કરી આરોપી મહેન્દ્રસિંગને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

રમઝાન માસમાં પૂરા 30 રોજા રાખ્યા

સૈયદ મોહંમદ અલ્હાજ અશફાક, શેત્રંજીવાડ

સુરત : શહેરના સલાબતપુરા શેતરંજીવાડ વિસ્તારમાં રહેતા અને ધોરણ 6 માં અભ્યાસ કરતા સૈયદ મોહમ્મદ અલ્હાજ અશફાકે રમઝાન માસના પુરા 30 રોજા રાખી રોજ તરાવીહની નમાઝ અદા કરી અલ્લાહની બંદગી કરી હતી.

ઝૈના ફાઝીલ સિદ્દીક, સગરામપુરા

સુરત : શહેરના સગરામપુરા બકરા શેરી વિસ્તારમાં રહેતી અને ધોરણ 2 માં અભ્યાસ કરતી ઝૈના ફાઝીલ સિદ્દીકે રમઝાન માસના પુરા 30 રોજા રાખી કુરાન શરીફના પઠન સાથે અલ્લાહની બંદગી કરી દુઆઓ ગુજારી હતી.

ઈદ પર દિશાંત તબીબી વિદ્યાર્થીનું હોસ્પિટલમાં દર્દીઓને ફળોનું વિતરણ

સુરત. રમઝાન માસ પૂર્ણ થયા બાદ ઈદના પાવન અવસર પર યુવા દિશાંત શાહે માનવ સેવા અને કોમી એકતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. સુરતના રામપુરા વિસ્તારમાં આવેલી લોખાત ટ્રસ્ટ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ, તેમના સગા તેમજ હોસ્પિટલ સ્ટાફને ફળોનું વિતરણ કરીને તેમણે માનવતાનો સંદેશ આપ્યો હતો. દિશાંત શાહ હાલ એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યા છે અને તેઓ ગુજરાતના મેડિકોલીગલ એક્સપર્ટ ડો. વિનેશ શાહના પુત્ર છે. ઈદના અવસરે કરવામાં આવેલ આ સેવા પ્રવૃત્તિએ હોસ્પિટલમાં હાજર લોકોમાં ખુશીની લાગણી ફેલાવી દીધી હતી.

બોરીવલીમાં પદ્મદર્શનસૂરિજીની નિશ્રામાં ધર્મસભા યોજાઇ

સુરત : દોલતનગર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ બોરિવલી (ઈસ્ટ) ખાતે જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન ક્ષણે આચાર્યપ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, *સામ્પ્રત સમયમાં સુખ અને શાંતિ નામના શબ્દો જીવનરૂપી ડિક્ષનેરીમાંથી ગાયબ થવા લાગ્યા છે. દૂધમાં પાણી કેટલું છે તેને માપવા માટે લેક્ટોમીટર છે. શરીરમાં તાવ કેટલો છે તેને માપવા માટે થર્મોમીટર છે પણ સુખ અને શાંતિને માપવા અત્યાર સુધી કોઈ થર્મોમીટર શોધાયું નથી.

નર્મદ યુનિવર્સિટી ખાતે 'જનજાતીય શોધ પદ્ધતિ પર કાર્યશાળા

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા 'જનજાતીય અધ્યયનની શોધ પદ્ધતિ અને અભ્યાસક્રમ વિકાસ' વિષય પર બેદિવસીય નેશનલ વર્કશોપ યોજાયો હતો. કુલપતિ ડો.કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શનમાં આયોજિત આ કાર્યશાળામાં દેશભરના નામાંકિત વિદ્વાનોએ જનજાતીય અસ્મિતા, અસ્તિત્વ અને વિકાસ મુદ્દે ઊંડાણપૂર્વક ચર્ચાઓ કરી હતી. વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ આદિજાતિ સમુદાયની સામાજિક-ધાર્મિક પરંપરાઓ, બંધારણીય અધિકારો અને વિકાસલક્ષી પડકારો પર બૌદ્ધિક સંવાદ સ્થાપિત કરવાનો હતો.

અંધજન વિકાસ કેન્દ્ર દ્વારા દ્રષ્ટીહીન ચેસ ટુર્નામેન્ટનું આયોજન

સુરત : અંધજન વિકાસ કેન્દ્ર દ્વારા તા. 22-03-2026નાં રોજ આયોજીત 35મી પ્રષ્ટિહીન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતનાં દરેક પ્રષ્ટિહીન ભાઈઓ અને બહેનો સ્પર્ધામાં ભાગ લેશે. ઉદ્ઘાટક બાબુલાલભાઈ શાહ (સુમેરૂ ગ્રુપ) મહાવીર સંસ્કાર ધામ, અધ્યક્ષ સ્પર્ધા ખુલ્લી મુકાશે. મુખ્ય મહેમાન પ્રતિકભાઈ ઈશ્વરભાઈ પટેલ સ્પર્ધામાં ઉપસ્થિત રહેશે. ઇનામ વિતરણ C.A. પ્રદિપ કુમાર કાબરા (મેવાડ માહેશ્વરી સમાજ - અધ્યક્ષ, સુરત) ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે જીજ્ઞેશકુમાર અરવિંદભાઈ પટેલ અને દિપકભાઈ સોનાળી (મેવાડ મહેશ્વરી સમાજ, સુરત) ઉપસ્થિતિ રહેશે. વિજેતા સ્પર્ધકોને રોકડ ઈનામ તથા શિલ્ડ આપવામાં આવશે.

વેટરન ક્રિકેટ ટુર્નામેન્ટમાં દિલ્હિની ટીમ વિજેતા બની

સુરતઃ ડુમસ સ્થિત સી.કે. પીઠાવાલા સ્ટેડિયમ ખાતે યોજા